Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# આર્થિક સુખાકારીનું સૈદ્ધાંતિક પરિચય

ડૉ. મહેન્દ્રકુમાર અરવિંદભાઈ ગરોડા
મુલાકાતી વ્યાખ્યાતા, GMDC આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નખત્રાણા
Email:- shekhanimahendra@gmail.com

સારાંશ-અમીબા થી લઈને આજના ડિઝીટલ યુગના માનવીની વિકાસ યાત્રાને જો ક્રમિક રીતે તપાસવામાં આવે તો તેમાં ઉત્તરોતર સુખાકારીના પરિમાણોનો સંચાર જોવા મળે છે. સુખાકારી એ માનવીની મૂળભૂત ઈચ્છા છે અને સરેરાશ માનવી આ સુખાકારી થી દૂર હોય છે તેની સંવેદનાને રસ્કિન નામના ચિંતકે **"અન ટૂ ધીસ લાસ્ટ"** નામના પુસ્તકમાં પ્રસ્તુત કરેલી છે. સામાન્ય પરિભાષામાં સુખાકારી એટલે રોટી કપડા અને મકાન એમ ઓળખવામાં આવે છે. પરંતુ સમાજવિજ્ઞાનની અંદર સુખાકારીના વિચારને વિવિધ સંદર્ભે મૂલવવાનો પ્રયાસ થયો છે. સુખાકારીના ખ્યાલમા અર્થશાસ્ત્ર જરાક અલગ પડી ને સમજાવવાનો પ્રયત્ન કરે છે. વેબ્લન જેવા સંસ્થાનવાદી અર્થશાસ્ત્રીએ સુખાકારીના આર્થિક તત્વજ્ઞાનમાં જે અતિરેક જોવા મળે છે તેની આકરી ટીકા કરી તેઓના મત મુજબ માનવી એક સામાજિક પ્રાણી તરીકે જીવતો હોવાથી સમાજના સર્વઅંગો સુખાકારીને સ્પર્શે છે કેવળ ઉપયોગીતાનું તત્વજ્ઞાન કે હિશાબી તત્વજ્ઞાન એ સુખાકારી નથી. ૧૯મી સદીમાં ઇંગ્લેન્ડની ઔદ્યોગિક ક્રાંતિ પછી સુખાકારી અંગે કાર્લ માર્કસે ઉદારવાદી વિચારધારા રજૂ કરી. તેઓના મતે સુખાકારી એ કેવળ સંપતિનું પરિણામ નથી સુખાકારીમાં ઉત્પાદન સંબંધો મહત્વના છે. પેરેટોના મત પ્રમાણે જ્યારે સમાજનો કોઈ એક વર્ગ અન્યના હિતોને બાધક ન બનતા પોતાના હિત સાધવાની કોશિશ કરે છે ત્યારે સુખાકારી વધે છે. મૂળ પાકિસ્તાનના અને તે સમયે યુ.એન.ડી.પી.માં ફરજ બજાવતા વરિષ્ઠ આર્થિક તજજ્ઞ મહેબુબ-ઉલ-હકે આર્થિક વૃદ્ધિ અને સુખાકારી વચ્ચેના વાસ્તવિક સંબંધોને વૈજ્ઞાનીક સ્વરૂપે વિશ્વ સમક્ષ મુકવાનો પ્રયત્ન કર્યું. માનવ વિકાસ અહેવાલ સુખાકારીનું વાસ્તવિક સ્વરૂપ સમજવા માટે ખુબજ ઉપયોગી અને મહત્વનો દસ્તાવેજ છે. લોકશાહી રાજ્યતંત્રમાં તાત્વિક રીતે એમ સમજવામાં આવે છે કે, **"લોકશાહી એટલે લોકો માટે, લોકો વડે અને લોકોનું ચાલતું શાસન-ડેમોક્રેશી ફોર ધ પીપલ, બાય ધ પીપલ એન્ડ ઓફ ધ પીપલ"** પરંતુ વિશ્વના બધાજ લોકશાહી દેશોમાં કોઈ પણ અપવાદ વગર જેની ખરીદ-શક્તિ ઊંચી છે તે વર્ગનું સત્તાકીય પ્રભુત્વ વધુ જોવા મળે છે, તેથી પ્રત્યેક વર્ગ લોકશાહીમાં પોતાનું પ્રભુત્વ વધારવા માટે આર્થિક સુખાકારીના ઉચ્ચતમ ધોરણોને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ રહે છે જે આર્થિક સુખાકારીના સંદર્ભમાં સમાજમાં ક્રિયાશીલ એવા વર્ગભેદને પોષણ આપે છે.

**ચાવીરૂપ શબ્દો**:- સુખાકારી, આર્થિક સુખાકારી, ફ્રીડમ, ડેવેલોપમેન્ટ, તંદૂરસ્તી, સંપતિ, તુષ્ટિ ગુણ, કલ્યાણ, ઉત્પાદન, વહેચણી, એન્લાઈટન્ટ સેલ્ફ, સંક્રાંતિકાળ, ઈમ્પોસીબીલીટી, ટકાઉક્ષમ

વિકાસ, માનવ વિકાસ, સર્વ સમાવેશક વૃદ્ધિ, ક્ષમતા, અંદાજપત્ર, ઇનોવેશન, ગરીબી, લોકશાહી

**૧.૧ પ્રસ્તાવના** :-

માનવજાતિનો ઈતિહાસ મૂળભૂત રીતે સુખાકારીનો ઈતિહાસ છે એમ સમજવામાં આવે છે. અમીબા થી લઈને આજના ડિઝીટલ યુગના માનવીની વિકાસ યાત્રાને જો ક્રમિક રીતે તપાસવામાં આવે તો તેમાં ઉત્તરોતર સુખાકારીના પરિમાણોનો સંચાર જોવા મળે છે. આર્નોલ્ડ ટોયંબીના જગ-વિખ્યાત પુસ્તક, **"સર્વાવિંગ ધ ફ્યુચર(૧૯૭૧)"**નો સાર ભાગ માનવ અસ્તિત્વને ભવિષ્યમાં કેવી રીતે ટકાવી રાખવો તેનું દિશા સુચન કરે છે. એલ્વિન ટોફ્લરના **"ધી થર્ડ વેવ"** નામના પુસ્તકમાં વિશ્વના ઇતિહાસમાં અત્યાર સુધીની થયેલ ક્રાંતિઓ અને હવે પછી ટેકનોલોજીના પરિણામે આવનાર ક્રાંતિઓ માનવ જીવનને કેટલા પ્રમાણમાં અને કેવી રીતે સુસંવાદીત કે વિસંવાદિત બનાવશે તેનું નિરૂપણ કરેલું છે. સુખાકારી એ માનવીની મૂળભૂત ઈચ્છા છે અને સરેરાશ માનવી આ સુખાકારી થી દૂર હોય છે તેની સંવેદનાને રસ્કિન નામના ચિંતકે **"અન ટૂ ધીસ લાસ્ટ"** નામના પુસ્તકમાં પ્રસ્તુત કરેલી છે. વિશ્વના કોઈપણ ખૂણામાં કોઈપણ તબ્બકે વિકાસની જે યાત્રા આપણે જોઈએ છીએ તેનો મૂળભૂત લક્ષણ એક માત્ર સુખાકારીનો હોય છે.

સુખાકારીનો તત્વજ્ઞાન વૈજ્ઞાનિક રીતે ભિન્ન દ્રષ્ટીએ તપાસવામાં આવેલ છે. તત્વજ્ઞાન જેવા સમાજ વિજ્ઞાનમાં સુખાકારીનો ખ્યાલ અમૃત છે તો મનોવૈજ્ઞાનિકો સુખારીને માનવ ગતિવિધિ સાથે જોડે છે, સમાજશાસ્ત્રીઓ સુખાકારીને સામાજિક સંસ્થાકીય પરીબળોના સંદર્ભમાં મુલવાનો પ્રયાસ કરે છે તો અર્થશાસ્ત્રમાં સુખાકારીને આર્થિક સુખાકારી તરીકે ઓળખવાનો પ્રયાસ થયેલ છે. અર્થશાસ્ત્રીય અભિગમ સુખાકારીને વિશિષ્ટ રીતે ઉપસાવે છે જેમાં વૈજ્ઞાનિક તર્ક ઉપરાંત પરંપરાવાદી વલણોનો વિચાર કરવામાં આવ્યો છે. આમ સુખાકારીનો ફલક ઘણો વિશાળ છે અને આ સંદર્ભમાં તેને પામવા માટેની વૈજ્ઞાનિક રૂપરેખા અભ્યાસનો મુખ્ય વિષય બને છે.

**૧.૨ સુખાકારીનો ખ્યાલ** :-

સામાન્ય પરિભાષામાં સુખાકારી એટલે રોટી કપડા અને મકાન એમ ઓળખવામાં આવે છે. પરંતુ સમાજવિજ્ઞાનની અંદર સુખાકારીના વિચારને વિવિધ સંદર્ભે મૂલવવાનો પ્રયાસ થયો છે.

સુખાકારીના ખ્યાલનું બીજ સોક્રેટીસના પ્રશ્નમાં રહેલું છે. સોક્રેટીસ એ એક સૂચક સવાલ કર્યો, **"હાઉ શુડ એન ઇન્ડિવિજ્યુઅલ લીવ વન્સ લાઈફ?"** એટલે કે કોઈ એક વ્યક્તિએ તેનું જીવન કેવી રીતે વ્યતીત કરવું જોઈએ? સોક્રેટીસના આ પ્રશ્ન થી શરૂ થયેલી સુખાકારીની આ યાત્રા આજે અમર્ત્ય સેનનાં **"ફ્રીડમ એઝ ડેવેલોપમેન્ટ"**ના ખ્યાલ સુધી લંબાયેલી છે. અમર્ત્ય સેન સ્વાતંત્ર્યને વિકાસના સૂચક પ્રતિક તરીકે મૂલવવાનો પ્રયત્ન કરે છે તેમાં પણ સુખાકારી અભિપ્રેત છે, ગુજરાતી ભાષામાં સુખાકારીને લગતી માનવ તંદ્રરસ્તી સાથે જોડતી એક સરળ કહેવત છે, **"પહેલું સુખ તે જાતે નર્યા"** તળપદી ગુજરાતીમાં એમ પણ કહેવાયું કે **"ઘરમાં કોઠીએ**

**જાર એટલે સુખાકારી"** એમ પણ કહેવાય છે કે **"ભૂખે ભજન ન થાય ગોપાળા"** હિન્દીમાં સંત કબીરે એમ કહ્યું કે, **"કબીર કહે કમાલ કો, દો બાતે શીખ લે, કર ખુદા કિ બંદગી ભૂખે કો કુછ દે"** સુખાકારીના ફલકને વિસ્તારીને અંગ્રેજીમાં એમ કહેવાયું કે **"મેન ડઝ નોટ લીવ બાય બ્રેડ એલોન".**

સુખાકારીના ખ્યાલમા અર્થશાસ્ત્ર જરાક અલગ પડી ને સમજાવવાનો પ્રયત્ન કરે છે. ગ્રીક તત્વજ્ઞાની એરીસ્ટૉટલ સંપતિના સંગ્રહ નો નિષેધ દર્શાવ્યો અને એમ પણ કહ્યું કે, **"યુઝરી ઈઝ એ સીન"** એટલે કે વ્યાજખોરી એ પાપ છે. કૌટીલ્યના અર્થશાસ્ત્રમાં પ્રજાની સુખાકારી એ તંત્રનું પ્રાથમિક કર્તવ્ય છે એમ દર્શાવવામાં આવ્યું.

અર્થશાસ્ત્રમાં જેને પિતામહ ગણવામાં આવે છે તેવા આદમ સ્મિથે ૧૭૭૬માં **"ધી વેલ્થ ઓફ નેશન્સ"** નામનો ગ્રંથ લખ્યો જેમાં તેઓએ અર્થશાસ્ત્ર ને સંપત્તિનું શાસ્ત્ર એમ સમજાવવાનો પ્રયત્ન કર્યો તેઓએ સમષ્ટિના વિકાસને માટે બજારરૂપી અદ્રશ્ય હાથની વાત કરી અને લાંબા ગાળે અર્થકારણમાં સ્વયં સમતુલા આવશે તેવો તર્ક રજૂ કર્યો અલબત આ અગાઉ ૧૭૫૭મા આદમ સ્મિથે **"ધ થીયરી ઓફ મોરલ સેન્ટીમેન્ટસ"** નામનું પુસ્તક લખ્યું હતું જેમાં સુખાકારીના નૈતિક પાસાને ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ વેલ્થ ઓફ નેશન્સમાં સુખાકારીના આર્થિક તર્કની જે ચર્ચા કરવામાં આવી તેને કાર્લાઇડ જેવા એ ડુક્કરનાં તત્વજ્ઞાન સમાન ગણાવીને આકરી અવહેલના કરી હતી.

સુખાકારીની આ યાત્રાને પ્રો. માર્શલે તુષ્ટિ ગુણના રૂપમાં મુકવાનો પ્રયત્ન કર્યો કોઇપણ વસ્તુમાં માનવીની જરૂરીયાતોને સંતોષવાનો રહેલો ગુણ એટલે તુષ્ટિ ગુણ આમ કહીને વ્યક્તિ તેની વપરાસ વૃત્તિ થી તુષ્ટિ ગુણને કઈ રીતે પામે છે અને એ તુષ્ટિ ગુણ સુખાકારી સાથે કઈ રીતે જોડાયેલ છે તેની ચર્ચા કરેલી છે જેમાં કલ્યાણનાં ખ્યાલને પણ સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

પ્રો. બેન્થામેં આર્થિક સંદર્ભમાં **"વેલ બીઈંગ"** શબ્દ નો પ્રયોગ કર્યો અને તેમનો વેલ બીઈંગનો વિચાર તૃષ્ટિ ગુણના વિચાર થી કઈ રીતે જુદો પડે છે તેનું ટીકાત્મક પરીક્ષણ કરે છે. બેન્થામની દ્રષ્ટિથી માનવીની આર્થિક સુખાકારીનું માપદંડ કેવળ તુષ્ટિ ગુણ ન હોઈ શકે.

વેબ્લન જેવા સંસ્થાનવાદી અર્થશાસ્ત્રીએ સુખાકારીના આર્થિક તત્વજ્ઞાનમાં જે અતિરેક જોવા મળે છે તેની આકરી ટીકા કરી તેઓના મત મુજબ માનવી એક સામાજિક પ્રાણી તરીકે જીવતો હોવાથી સમાજના સર્વઅંગો સુખાકારીને સ્પર્શે છે કેવળ ઉપયોગીતાનું તત્વજ્ઞાન કે હિશાબી તત્વજ્ઞાન એ સુખાકારી નથી.

૧૯મી સદીમાં ઇંગ્લેન્ડની ઔદ્યોગિક ક્રાંતિ પછી સુખાકારી અંગે કાર્લ માર્કસે ઉદારવાદી વિચારધારા રજૂ કરી. તેઓના મતે સુખાકારી એ કેવળ સંપતિનું પરિણામ નથી સુખાકારીમાં ઉત્પાદન સંબંધો મહત્વના છે. એટલે કે કોઈ પણ એક એકમમાં કામ કરતો મજૂર, એકમનો માલિક અને ઉત્પાદિત માલ તેના આંતર સંબંધો સુખાકારીને નક્કી કરે છે. એવી કોઈ પણ આર્થિક વ્યવસ્થા કે જેમાં ઉત્પાદક તરીકે માલિક મહતમ અધિશેષ પ્રાપ્ત કરે અને શ્રમિક કે જેને

વાસ્તવમાં મજૂરી કરી છે તેને આ અધિશેષનો નગણ્ય ભાગ ચુકવવામાં આવે ત્યારે સુખાકારીનો છેદ થાય છે. માર્ક્સ વર્ગ વિગ્રહની સંભાવના વ્યક્ત કરે છે અને તત્કાલીન શ્રમિકોને શોષણ વિરુદ્ધ ન્યાય અને સુખાકારી માટે એક થવા ગર્જના કરે છે. કાર્લ માર્ક્સના વિચારો મુજબ સુખાકારી કેવળ ઉત્પાદન નહિ પરંતુ વહેચણી સાથે જોડાયેલ છે.

હોબ્સ અને હેલ્વીસીયસ નામના તત્વચિંતકોએ સુખાકારીને દૈહિક સ્વાર્થ થી પર એવા **"એન્લાઈટન્ટ સેલ્ફ"** તરીકે સમજાવવાનો પ્રયત્ન કર્યો તેઓના મતે સમાજમાં સુખાકારી સર્વ સમાન પ્રવર્તમાન નથી કેમ કે સ્વાર્થનું તત્વ જ્ઞાન વધતે ઓછે અંશે બાધક બને છે. ૨૦મી સદીમાં નવ-પ્રશિષ્ટ અર્થશાસ્ત્રમાં રહેલી મર્યાદાઓ અને પ્રશિષ્ટ અર્થશાસ્ત્રમાં રહેલી મર્યાદાઓને ઓળખીને પ્રમાણમાં સમન્વય રૂપ કહી શકાય તેવો વિચાર જ્હોન મેનાર્ડ કેઇન્સે આપ્યો. કેઈન્સ સુખાકારી અંગેના માર્ક્સના તત્વજ્ઞાનને વિભાજક, હિંસક અને નકારાત્મક જણાવ્યું. કેઈન્સના મત મુજબ વહેચણીની અસમાનતા સુખાકારી માટે બાધક છે તે તથ્ય છે પરંતુ તેના પરિણામો થી વિચલિત થઇને સુખાકારી માટે માર્કસે દર્શાવેલ આક્રમકતા જરૂરી નથી. કેઈન્સે તેના **"જનરલ થીયરી"** નામના ગ્રંથમાં વિસ્તાર પૂર્વક આર્થિક પ્રવૃતિમાં શાસનની ભૂમિકાની છણાવટ કરી છે તેઓના મતે મૂડીવાદી વિચારધારા મૂળભૂત રીતે પ્રસ્તુત છે પરંતુ અનિયંત્રિત મૂડીવાદ આર્થિક અરાજકતા ઉભી કરે છે અને આ આર્થિક અરાજકતા ક્રમશ: મંદીને નોતરે છે જે સુખાકારીનો છેદ લાવે છે તેથી જ તેઓએ સરકારના પ્રત્યક્ષ હસ્તક્ષેપની ભલામણ કરી. કેઈન્સના મત મુજબ મૂડીવાદ થી નિષ્પન્ન અસમતુલા દૂર કરવા માટે ઓછી કરવા માટે તંત્રની દરમ્યાનગીરી આવશ્યક બને છે. અર્થશાસ્ત્રના પ્રારંભિક અભ્યાસમાં કેઈન્સનું આ કથન, **"ખાડા ખોદો અને બુરો"** વિશેષ પ્રચલિત બન્યું છે. અર્થકારણમાં એક એવો નાજુક તબક્કો આવે છે જેને સંક્રાંતિકાળ કહેવામાં આવે છે. કેઈન્સ એમ દર્શાવે છે કે લાંબા ગાળે સ્વયમ સમતુલાની પ્રક્રિયા સ્વીકાર્ય છે પરંતુ લાંબા ગાળામાં તો કોઈ રહેવાનું નથી તો ટૂંકા ગાળાની અસમતુલાનું શું અને તેથી તેમને જાહેર અર્થવિધાનની ભલામણ કરી. કેઈન્સ નો જાહેર અર્થવિધાનનો આ વિચાર મૂળભૂત રીતે સુખાકારીના સંદર્ભમાં જોવા મળે છે.

અર્થશાસ્ત્રમાં કલ્યાણના અર્થશાસ્ત્રનો વિચાર પણ કરવામાં આવ્યો છે જેમાં ખાસ કરીને પેરેટોનો ઈષ્ટતમીકરણનો સિધ્ધાંત વિશેષ ઉલ્લેખનીય છે. પેરેટોના કલ્યાણના અર્થશાસ્ત્રમાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે બીજાના હિતોને નુકશાન કર્યા વગર પોતાના હિતનો ઉત્કર્ષ થાય તે કલ્યાણનો પોષક વિચાર છે અહીં પેરેટોના મત પ્રમાણે જ્યારે સમાજનો કોઈ એક વર્ગ અન્યના હિતોને બાધક ન બનતા પોતાના હિત સાધવાની કોશિશ કરે છે ત્યારે સુખાકારી વધે છે. ૧૯૫૩મા કેનેથ એરો એ **"ઈમ્પોસીબીલીટી"**નો થીયોરમ રજૂ કર્યો જેમાં વ્યક્તિ કે સમાજનો કોઈ એક સમૂહ અન્ય નાં હિતોની અવહેલના વગર પોતાના કલ્યાણને માટે પ્રયત્નશીલ રહે તેની મર્યાદાઓ દર્શાવવામાં આવેલ છે.

**૧.3 સુખાકારીમાં નવીનીકરણ :-**

આર્થિક સુખાકારી અને વિકાસના પારસ્પરિક સંબંધોને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં વિવિધ સંદર્ભે તપાસવાના પ્રયત્નો થયા છે ૨૦મી સદીના ઉતરાર્ધમાં જેમ જેમ યાંત્રીકરણ તરફની દોટ વધતી ગઈ તેમ તેમ એકંદર સમાજમાં વિસંવાદિતા પણ વધતી ગઈ. ખાસ કરીને ઉપભોગતાવાદના અતિક્રમણ થી સમાજમાં અધીશેષ જોખમો વધવા લાગ્ય આ કુદરતી સંસાધનોના અતિ ઉપયોગને કારણે ભવિષ્યની પેઢી માટે ખતરો ઉભો થવા લાગ્યો પર્યાવરણીય સંસાધનોની ખેંચ વધતી ગઈ આ પરિસ્થિતિમાં સમગ્ર વિશ્વ હતપ્રભ થવા લાગ્યું હતું વિકસિત રાષ્ટ્રો વિકાસની અસમતુલા માટે અને પર્યાવરણીય અવમુલ્યન માટે અલ્પ વિકસિત દેશો તરફ આંગળી ચીધવા લાગ્યા. તો અલ્પ વિકસિત તો વિકસિત રાષ્ટ્રો ના ઉડાઉપણા ને દોષ દેવા લાગ્યા. આ સમગ્ર વિવાદમાં કેન્દ્ર સ્થાને સમતુલિત પ્રાકૃતિક વિકાસનો મુદ્દો હતો. ૧૯૮૬માં બ્રેટનવૂડ ખાતે યોજાયેલી પરિષદમાં વિશ્વ બેંકના વડા **રોબર્ટ મેક્નામારા** એ વધતી જતી અસમાનતા અને ઉપભોક્તાવાદના અતિક્રમણથી સુખાકારી કઈ રીતે જોખમમાં છે તેનો સ્પષ્ટ નિર્દેશ કર્યો અને બ્રન્ટલેન્ડ કોન્ફરંશમાં ઉપસ્થિત રાષ્ટ્રો એ સર્વસંમતીથી એક ઘોષણા પત્ર તૈયાર કર્યું જે, **"અવર કોમન ફ્યુચર"** તરીકે અમૂલ્ય દસ્તાવેજ તરીકે જાણીતો થયો છે જેમાં સૌ પ્રથમ વખત "**ટકાઉક્ષમ વિકાસ**"નો ખ્યાલ પ્રયોજવામાં આવ્યો. તેને વ્યાખ્યાયિત કરતા એવું દર્શાવવામાં આવ્યું કે **"સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ મીન્સ યુટીલાઇઝેશન ઓફ પ્રેઝન્ટ અવેલેબલ નેચરલ રીસોર્સીસ બાય ધી પ્રેઝન્ટ જનરેશન વિધાઉટ કોમ્પ્રોમાઈઝીંગ અવેબીલીટી ઓફ ફ્યુચર જનરેશન ફોર રીસોર્સીસ"** ટકાઉક્ષમ વિકાસનો આ ખ્યાલ બૃહદ સુખાકારીને રજૂ કરે છે જેમાં જરૂરિયાત અને લોભ વચેનો તફાવત સ્વયમ ફલિત થાય છે. મહાત્મા ગાંધીના શબ્દોમાં કહીએ તો, **"નેચર હેઝ ગીફ્ટેડ એવરી વન ઇન એકોર્ડન્સ વિથ વન્સ નીડ બટ નોટ એકોર્ડીંગ ટુ વન્સ ગ્રીડ"** રવિશંકર મહારાજે ઉપભોગતાવાદની મર્યાદાને સુખાકારીના સંદર્ભમાં સમજાવતા કહ્યું કે, **"વેચી ને ખાવું તે લોભનું પ્રતિક છે, વહેચી ને ખાવું તે સુખાકારીનું પ્રતિક છે"**.

જેમ જેમ આર્થિક વિકાસની યાત્રા આગળ વધતી ગઈ તેમ તેમ સુખાકારી માટેની માન્યતા અને સમજનો પણ વિકાસ થવા લાગ્યો. એક કાળે રોટી, કપડા ઔર મકાન એ સુખાકારીનું પ્રતિક ગણાતા હતા પરંપરાગત અર્થશાસ્ત્રમાં પણ આર્થિક વૃદ્ધિ અને સુખાકારીને પણ સુરેખ સંબંધ હોવાનું સમજવામાં આવ્યું જે વિચાર આજે પણ દ્રશ્યમાન છે આ વિચાર પ્રમાણે કોઈ પણ સમાજની જેમ જેમ આર્થિક વૃદ્ધિ થતી જાય એટલે કે તેનો વૃદ્ધિ દર ઊંચો જાય તો તે પ્રત્યક્ષ રીતે માનવ સુખાકારીમાં રૂપાંતરિત થાય છે આ તર્કને ૧૯૩૦-૪૦ થી લઈને ૧૯૮૦ના સમયગાળામાં ખુબ વહેતો કરવામાં આવ્યો મોટા ભાગના અર્થતંત્ર વૃદ્ધિ મુલક વિચારધારાને અનુશારવા લાગ્યા ચીન જેવા સામ્યવાદી ગણાતા દેશે પણ ૧૯૭૮માં સુખાકારીના વિસ્તાર અને વૃદ્ધિ માટે ઊંચા વૃદ્ધિદરના માર્ગને અમલમાં મુક્યો બીજી તરફ વૃદ્ધિ દરના કેટલાક નકરાત્મ પરિણામો પણ સપાટી પર દેખાવા લાગ્યા હતા ૧૯૮૫ પછીના સમયમાં મૂળ પાકિસ્તાનના અને તે સમયે યુ.એન.ડી.પી.માં ફરજ બજાવતા વરિષ્ઠ આર્થિક તજજ્ઞ મહેબુબ-ઉલ-હકે આર્થિક વૃદ્ધિ અને સુખાકારી વચ્ચેના વાસ્તવિક સંબંધોને વૈજ્ઞાનીક સ્વરૂપે વિશ્વ

સમક્ષ મુકવાનો પ્રયત્ન કર્યું. કોઇપણ રાષ્ટ્રમાં ઝળપથી વધતો જતો વૃદ્ધિ દર શું તે સમાજના જન્મ સમયે અપેક્ષિત આયુષ્યની મર્યાદામાં વધારો લાવે છે? શું ઝડપ થી વધતો જતો વૃદ્ધિદર સમાજના સાક્ષરતા દરની વૃદ્ધિમાં પરિણામે છે? શું ઊંચો વૃદ્ધિદર તકની સમાનતા લાવે છે? જ્યાં ઊંચો વૃદ્ધિદર છે ત્યાં મહિલાઓનો દરજ્જો ઉન્નતિકારક અને સુરક્ષિત છે ખરો? આવા વેધક પ્રશ્નો મહેબુબ-ઉલ-હકે જુદા જુદા દેશોના ૩૦ વર્ષના આર્થિક વલણોને તપાસીને રજૂ કાર્ય અને આ આખા વૈજ્ઞાનિક ઉપક્રમને "**માનવ વિકાસ**"ની સંજ્ઞા આપી અને ૧૯૯૦ થી આજ પર્યન્ત દર વર્ષે યુ.એન.ડી.પી. દ્વારા વિશ્વના દેશોનો માનવ વિકાસ અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ માનવ વિકાસ અહેવાલ સુખાકારીનું વાસ્તવિક સ્વરૂપ સમજવા માટે ખુબજ ઉપયોગી અને મહત્વનો દસ્તાવેજ છે.

આર્થિક વિકાસના આયામ તરીકે ટકાઉક્ષમ વિકાસ અને માનવ વિકાસ પછી જે નવો વિચાર વહેતો થયો છે તે **"સર્વ સમાવેશક વૃદ્ધિનો"** છે. આમ તો ૧૯૭૫-૭૬ની વૈશ્વિક બેઠકોમાં સર્વ સમાવેશનનું બીજ જોવા મળે છે. પરંતુ ૧૯૯૨-૯૩માં જીનીવા ખાતે આવેલ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન(ILO)માં તેના અહેવાલમાં સૌપ્રથમ વખત "**સર્વ સમાવેશક વૃદ્ધિ**"ના ખ્યાલને કાર્યસૂચિમાં લેવામાં આવ્યો. વિશ્વના મોટાભાગના દેશોનો એવો અનુભવ રહ્યો છે કે આર્થિક વૃદ્ધિના ગતાનું ગતિક ઉપક્રમ થી સરવાળે જે વૃદ્ધિ જોવા મળી છે તે તંદૂરસ્ત વૃદ્ધિ નથી સમાજની કુલ આવક વધી છે, સમાજનું કુલ ઉત્પાદન પણ વધ્યું છે પંરતુ આવક કે ઉત્પાદનની વૃદ્ધિના ફળો સમાજના છેવાડાના માનવી સુધી પહોચ્યા નથી. બીજા અર્થમાં કહીએ તો વિકાસની પ્રક્રિયામાં સમૃદ્ધ સમાજમાં પણ સમાજનો પ્રત્યેક વર્ગ પ્રત્યક્ષ રીતે સંમિલિત નથી વિકાસના એકંદર પરિણામો જે પ્રાપ્ત થયા છે તેમાં એવું જોવા મળ્યું છે કે એક મોટો વર્ગ વિકાસ યાત્રા જેમ જેમ વધતી ગઈ છે તેમ તેમ હાંસિયામાં ધકેલાતો ગયો છે વિશ્વના મોટા ભાગના દેશોમાં આ ચિત્ર જોવા મળે છે. હાંસિયામાં ધકેલાયેલો વર્ગ પશ્ચિમની સરખામણીમાં એશિયાઈ દેશોમાં મહત્તમ છે અને એશિયાઈ દેશોમાં પણ વિશેષ કરીને ભારતમાં વિકાસની ધરી થી દૂર હોય તેવો વર્ગ ઘણો મોટો જોવા મળે છે. વિશ્વ બેંક દ્વારા ૨૦૦૨માં ભારતનો એક સ્ટેટ્સ રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો જે "**પોવર્ટી એન્ડ એક્સ્લુઝન ઇન ઇન્ડિયા"** તરીકે પ્રશિદ્ધ થયું તેમાં વિકાસની પ્રક્રિયા થી વંચિત હોય તેવા વર્ગમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો, મહિલાઓ, વિકલાંગો અને વૃદ્ધોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વર્ગને બહિષ્કૃત ગણવામાં આવે છે. ભારત જેવા દેશમાં જ્યાં સામાજિક અને સંસ્કૃતિક સંસ્થાઓ પણ પ્રભુત્વ ધરાવે છે ત્યાં આર્થિક અને સામાજિક બંને સ્વરૂપનો બહિષ્કાર જોવા મળે છે.

આર્થિક સુખાકારીની તાત્વિક યાત્રામાં ટકાઉક્ષમ વિકાસ, માનવ વિકાસ, અને સર્વ સમાવિષ્ટ વિકાસ આ ત્રણેય નો સંદર્ભ વિશેષ મહત્વનો બની રહે છે.

**૧.૪ આર્થિક સુખાકારી અર્થ અને લક્ષણો** :-

સુખાકારીની મૂળ વિભાવના વિશાલ ફલકને આવરી લે છે. માનોવિજ્ઞાનમાં સુખાકારીને માનસિક ચેતના સાથે જોડવામાં આવે છે અને તેમાં સંતોષના ગુણને જોડીને સુખાકારી

મુલવવામાં આવે છે. મનોવૈજ્ઞાનિક સુખાકારીમાં બિન-આર્થિક પરિબળોનું પ્રાધાન્ય છે. વ્યક્તિની કે એકંદર સમાજની માનસિકતા થોડામાં સંતોષની હોય ત્યારે સુખાકારીની પ્રાપ્તિ વિકટ બનતી નથી. ભારતીય શાસ્ત્રોમાં, તત્વજ્ઞાનમાં સુખાકારીને પારલૌકિક સ્વરૂપે જોવામાં આવે છે. પશ્ચિમનું તત્વજ્ઞાન સુખાકારીને અર્થ સાથે વધારે જોડે છે. પશ્ચિમના વિખ્યાત તત્વજ્ઞાની બર્ટ્રાન્ડ રસેલ નું એક વિધાન સૂચક છે તેઓ કહે છે કે, **"આઈ ડુ નોટ મીન ધેટ પીપલ આર ગૂડ એન્ડ ધેય આર હેપ્પી બટ આઈ મીન ધેટ એસ ધેય આર હેપ્પી ધેય આર ગૂડ".**

આર્થિક સુખાકારીની યાત્રા રોટી, કપડા ઔર મકાન થી શરૂ થઇ છે અને આજે અમર્ત્ય સેન "**કેપેબીલીટી એન્ડ ફ્રીડમ**"**ને** સુખાકારીના અંગભૂત તત્વ ગણાવે છે. સેનનું એક અત્યંત જાણીતું પુસ્તક "કોમોડીટી એન્ડ કેપેબીલીટી" છે તેમાં જણાવે છે કે વર્તમાન સમયમાં જે ગરીબી જોવા મળે છે તેનું કારણ સાધનોની અછત નહીં પરંતુ ક્ષમતાનો અભાવ છે પરંપરાગત અર્થશાસ્ત્રમાં માંગની જે વ્યાખ્યા કરવામાં આવી તેમાં પણ ક્ષમતા અભિપ્રેત છે જેમ કે, **"નિશ્ચિત બજાર કિંમતે વ્યક્તિની વસ્તુ ખરીદવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી એટલે માંગ"** અમર્ત્ય સેન અને તાજેતરના બીજા ગણા અર્થશાસ્ત્રીઓએ સુખાકારીનું વૈજ્ઞાનિક નિરૂપણ કર્યું છે. આર્થિક સુખાકારી પડકાર એટલા માટે બન્યો છે કે તેમાં પ્રત્યક્ષ રીતે 'અર્થનું તત્વ જોડાયેલું છે. અર્થશાસ્ત્રની પરંમપરાગત વ્યાખ્યામાં પણ એવું અભિપ્રેત છે કે માનવ એ ઈચ્છાઓનું પોટલું છે. અને રોબીન્સ સમજાવે છે તેમ અર્થશાસ્ત્ર એ એક એવું શાસ્ત્ર છે જે અમર્યાદિત માનવીય જરૂરિયાતો અને વૈકલ્પિક ઉપયોગ ધરાવતા માર્યાદિત સાધનો વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરે છે આર્થિક સુખાકારીનું બીજ આમાં સમાયેલું છે.

ઉત્તરોતર આવક વૃદ્ધિની ખેવના એ જરૂરિયાતોનું વિધેય છે. કોઇપણ અર્થતંત્રમાં કાળક્રમે ખાસ કરીને સંગઠિત ક્ષેત્રમાં વેતનમાં વૃદ્ધિ કરવામાં આવે છે તે ક્ષમતાની વૃદ્ધિના હેતુ થી કરવામાં આવે છે. જો આર્થિક સુખાકારીને ફુગાવાના તત્વજ્ઞાન સાથે જોડવામાં આવે તો કોલ બોર્ન કહે છે તેમ, **"ટૂ મચ મની ચેઝિંગ ટૂ ફ્યુ ગૂડ્સ"** એટલે કે ઘણાબધા રૂપિયા નજીવી વસ્તુઓ માટે જરૂરી બને છે. આ આખી યંત્રણામાં સુખાકારીનું ગણિત અસ્ત-વ્યસ્ત થાય છે. કૌટુંબિક અંદાજપત્ર થી લઇને રાષ્ટ્રીય અંદાજપત્રમાં આજે વિકાસ અને સુખાકારીને એકબીજાના પુરક ગણીને અંદાજપત્રનું કદ વધારવાની સ્પર્ધા ચાલી રહી છે.

આર્થિક સુખાકારીનું તત્વજ્ઞાન વ્યક્તિગત સુખાકારીનું તત્વજ્ઞાન અને જાહેર સુખાકારીનું તત્વજ્ઞાન વચ્ચે પણ ફરક છે. વ્યક્તિની આર્થિક સુખાકારીમાં પછેડી જેટલી સોળ તાણવાનો ખ્યાલ અપેક્ષિત છે એટલે કે વ્યક્તિ એ પ્રાપ્ય નાણાંકીય સાધનોની મર્યાદાને ધ્યાનમાં લઇને સુખાકારીનું ફલક વિસ્તારવું જોઈએ. સાંપ્રત્કાલીન બજાર અર્થતંત્રમાં ઉત્પાદક વર્ગ તેના આર્થિક સુખાકારીના ગણિતને સિદ્ધ કરવા માટે બજારનો આશરો વિજ્ઞાપન જેવા સાધનોથી લે છે. શુમ્પીટરની ભાષામાં કહીએ તો પ્રોડક્ટ ઇનોવેશન અને માર્કેટ ઇનોવેશન થકી ઉપભોક્તાઓને આકર્ષવાનો પ્રયત્ન કરવામાં આવે છે જેના કારણે ઉપભોક્તાવાદ વધતો જાય છે. વધતા જતા

ઉપભોક્તાવાદને કારણે નાણાંકીય સાધનોની ખેંચ ઉભી થાય છે અને સમાજ-જીવન પ્રાપ્યાતાના કોઈ પણ તબક્કે સુખાકારી થી દૂર હોય એવું ચિત્ર ઉભું થાય છે.

આર્થિક સુખાકારી ગરીબીની જેમ નિરપેક્ષ અને સાપેક્ષ સ્વરૂપ ધરાવે છે. વિકાસશીલ અર્થતંત્રમાં આજે નિરપેક્ષ ગરીબીનું પ્રમાણ ઉત્તરોતર ઘટતું ગયું છે પણ સાપેક્ષ ગરીબી વિકરાળ મો ફાડી ને ઉભી છે. તેવું જ મહદઅંશે આર્થિક સુખાકારીના સંદર્ભમાં જોવા મળે છે. ગઈ કાલ કરતાં આજના માનવીએ જીવનમાં આર્થિક સુખાકારીનું પ્રમાણ વધાર્યું છે, પરંતુ સમાજના અન્ય વર્ગોની સરખામણીમાં આર્થિક સુખાકારીનું પ્રમાણ ઘણું જ ઓછું જોવા મળે છે. આમ, આર્થિક સુખાકારીનો પ્રશ્ન સાપેક્ષ રીતે વધુ પડકારરૂપ બન્યો છે

આર્થિક સુખાકારીની વાસ્તવિકતા વિકાસના અન્ય ચલ પરિણામોના સંદર્ભમાં પણ તપાસવાની જરૂર છે. જેમ કે વિકાસની યાત્રામાં સમાજ જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ સમયાંતરે પ્રાકૃતિક, ટેક્નોલોજીકલ, સાંસ્કૃતિક કે આર્થિક એવી નાની મોટી દુર્ઘટનાઓ પણ આકાર પામે છે. જોવા મળતી આ દુર્ઘટનાઓ પ્રારંભિક તબક્કે સુખાકારીનો છેદ લાવે છે અને પછી થી સુખાકારીમાં ઉમેરો કરે છે. આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના ડીઝાસ્ટર ડેવલોપમેન્ટ રીપોર્ટનું પૃથ્થક્કરણ કરવામાં આવે તો મહદઅંશે એવું જોવા મળ્યું છે કે આર્થિક સુખાકારીમાં એકંદરે જે નબળો વર્ગ છે જે પછાત છે તેની પ્રતિકાર ક્ષમતા ગણી માર્યાદિત હોવાથી આ વર્ગ ઉપર આપદોની વિપરીત અસર ઘણી વધુ થાય છે અને આપદા પછી જીવનને પૂર્વવત કરવામાં આ વર્ગ ને ખાસ્સો લાંબો સમય લાગે છે. આર્થિક દ્રષ્ટીએ જે પ્રમાણમાં સમૃદ્ધ વર્ગ છે તેને પણ આપદાની વિપરીત અસરો થાય છે પંરતુ તુલનાત્મક રીતે તેની પ્રતિકાર ક્ષમતા વધુ હોવાને કારણે તેના જીવનમાં આ વિપરીત અસર સમયના લાંબાગાળા સુધી જોવા મળતી નથી. આર્થિક સુખાકારી અહી બે રીતે અસર કરે છે (૧) આર્થિક દ્રષ્ટિ એ સમૃદ્ધ વર્ગ આર્થિક અગમચેતી વધુ ધરાવે છે એટલે કે તેની આવાસ સુવિધા તેની જીવન શૈલી આપદાઓને ખાળી શકવા માટે અથવા તો તેની વિપરીત અસરોને હળવી કરવા માટે સક્ષમ હોય છે જયારે તેથી વિપરીત આર્થિક સુખાકારીની દ્રષ્ટીએ જેને નબળો વર્ગ ગણવામાં આવે છે તે વર્ગની આર્થિક અગમચેતી પણ માર્યાદિત હોય છે તેથી આપદાઓ વખતે તે યાતનાઓથી મુક્ત રહી શકતો નથી. (૨) આર્થિક સુખાકારી જે વર્ગની સારી છે તે વર્ગ આપદા પછીના સમયમાં પણ વધુ આર્થિક ક્ષમતાને કારણે ઝડપથી સ્થિર થાય છે જ્યારે આર્થિક સુખાકારીએ જે વર્ગ નબળો છે તે આપદા પછીના સમયમાં પણ માર્યાદિત આર્થિક ક્ષમતાને કારણે સમયસર પગભર થઇ શકતો નથી.

આર્થિક સુખાકારી સામાજિક તંદૂરસ્તી સાથે વિધાયક સંબંધ ધરાવે છે. બજાર આધારિત અર્થતંત્રમાં નાણાકીય સંસાધનો સામાજિક સમૃદ્ધિનું વિધેય ગણાય છે. તળપદી ગુજરાતીમાં જે જૂની ઉકતી હતી, **"નાણા વગર નો નાથિયો અને નાણે નાથાલાલ"** તે બજાર આધારિત અર્થતંત્રમાં સ્પષ્ટ પણે જોવા મળે છે. જેની આર્થિક સુખાકારીનું પ્રમાણ વધુ, જેની પાસે નાણાકીય સંશાધન ક્ષમતા વધુ તેની સામાજિક પ્રતિષ્ઠા પણ વધુ ગણવામાં આવે છે.

પરંપરાગત ભારતીય સમાજમાં પણ સામાજિક દ્રષ્ટીએ ઉચ્ચ ગણાતા પણ આર્થિક દ્રષ્ટીએ વંચિત હોય તેવા કુટુંબો હાંસિયામાં જોવા મળે છે અને તેથી વિપરીત સામાજિક દ્રષ્ટીએ પછાત ગણાતા કુટુંબો પણ જો વધુ સાધન સંપન્ન હશે તો વિકાસની મુખ્ય ધરીમાં જોડાયેલા જોવા મળે છે. આમ, આર્થિક સુખાકારી વર્તમાનમાં સમાજની એકંદર સુખાકારીનું પ્રાથમિક ચાલક બળ ગણવામાં આવે છે.

લોકશાહી રાજ્યતંત્રમાં તાત્વિક રીતે એમ સમજવામાં આવે છે કે, **"લોકશાહી એટલે લોકો માટે, લોકો વડે અને લોકોનું ચાલતું શાસન- ડેમોક્રેશી ફોર ધ પીપલ, બાય ધ પીપલ એન્ડ ઓફ ધ પીપલ"** પરંતુ વિશ્વના બધાજ લોકશાહી દેશોમાં કોઈ પણ અપવાદ વગર જેની ખરીદ-શક્તિ ઊંચી છે તે વર્ગનું સત્તાકીય પ્રભુત્વ વધુ જોવા મળે છે, તેથી પ્રત્યેક વર્ગ લોકશાહીમાં પોતાનું પ્રભુત્વ વધારવા માટે આર્થિક સુખાકારીના ઉચ્ચતમ ધોરણોને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ રહે છે જે આર્થિક સુખાકારીના સંદર્ભમાં સમાજમાં ક્રિયાશીલ એવા વર્ગભેદને પોષણ આપે છે.

**Reference**:-

Andrewsteer and Arvind Subramanian, "Towards Better global Economy (ecl) Oxford – 2014).
Arthur Lewis (1954), the Theories of Economic Growth.
Backhouse, Roger "A History of Modern Economic Analysis – Basil Blackwel, Oxford, U.K. 1993
Brent land Report (1987)
Global, Sustainable Development Report (The Energy and Research Institute - Oxford)
Gunnar Myrdal (1957), Asian Drama
Gunnoar Murdal, "Economics Theory and Under Development Regions", Duckworth London Pg No. 12 and 34.
Human Development Report, 1990, UNDP
IGNOU CDM Study Material.
LUIGIO BRUNI, FLAVIO COMZM, and MAURIZIO PUGNO, Capabilities and Happiness (2008), Oxford
Sen Amartya – "Freedom as Development" – Oxford
Sudarshan Lyengar, "Level and Pattern of Economy Growth in Gujarat. 1980-1994", Occasional Paper Series, Gujarat Institute of Development Reserch, January-2000.